ઓ૩મ્.

શ્રીમાન આર્યમુસાફર ધર્મવીર લેખરામનું જીવનચરિત્ર.

લખનાર તથા પ્રસિદ્ધ કરનાર,

હરિશંકર મોરારજી વ્યાસ.

જન્મભૂમિ જેતપુર (કાઠીયાવાડ)

પુસ્તક મળવાનું ઠેકાણું-મુંબઈ આર્યસમાજ પુસ્તક-ડીપાર્ટમેંટ કાકડવાડી-ગીરગામ, મુંબઈ.

સંવત ૧૯૬૭ ના આષાઢ સને ૧૯૧૧

પ્રત ૨૦૦૦, પ્રથમાવૃત્તિ.

કિંમત રૂ૦ ૦-૧-૦

લેખરામનું જીવનચરિત્ર

૫૧

આ પુસ્તક મુંબઇ પાયધોની ગોડીજીની ચાલ દુકાન
નંબર ૫૭૨ માં આવેલા ધર્મ વિજય પ્રેસમાં
હરજીવન ભગવાને છાપ્યું છે.

ओ३म्

પ્રસ્તાવના.

મનુષ્ય સારાં વા નરસાં કાર્યો કરે તેને માટે ખરી રીતે જો કોઇ જવાબદાર હોય તો તે માત્ર સંસ્કાર છે. મનુષ્ય જાતિ સંસ્કારાધીન પરતંત્ર છે. એક વખત ઉત્તમ વા કનિષ્ટ સંસ્કારો બરાબર જમા થયા તો તેને નિર્મૂળ કરવાનું કામ અતિ મુશ્કેલ થઇ પડે છે. ઉત્તમ સંસ્કારો ઉધરતી પ્રજામાં દૃઢીભૂત કરવા વેદસ્તેજ સોળ સંસ્કારોને પ્રધાનપદ આપવામાં આવ્યું છે. આ ખ્યાલને લક્ષમાં રાખીને **મહર્ષિ દયાનંદ સંસ્કારવિધિ** નામનો ગ્રંથ લખીને આપણને સોંપી ગયા છે માતા પિતાની શ્રેષ્ટતાપર સંતાનોની શ્રેષ્ટતા નિર્ભર છે. છતાં સંસ્કારની અગત્યતા કોઇ રીતે ન્યૂન થતી નથી. કારણ માતા પિતા શ્રેષ્ટ છતાં સંતાનને ખરાબ સંસ્કારોવાળા વાતાવરણમાં ઉછેરવામાં આવે તો તે પ્રજા ભાગ્યેજ સારી નીવડશે. બીજી બાજુ દુરાચારી માબાપનાં સંતાનો સુસંસ્કારોના પ્રભાવ વડે ઘણી વખત સારાં નીવડે છે. ધુંધવતો અગ્નિ ભડકો થઇ ઉઠે છે તેમ સંસ્કારોનો પ્રભાવ વહેલે મોડે પ્રકાશમાન થાય છે. સંજોગો અનુકુળ ન હોય તોપણ સાનુકુળ સંજોગોને આમંત્રણ કરવાનું કામ દબાયેલા સંસ્કારો ઘણી વખત કરે છે. સંજોગો ફેરવાતાંની સાથે તેઓ ખરા સ્વરૂપમાં પ્રકાશમાન થાય છે.

ધર્મવીર લેખરામ સાધારણ માતા પિતાને ત્યાં જન્મ પામવા ઉપરાંત કેળવણી પણ છેક સાધારણ પ્રાપ્ત કરી હતી. કેળવણી લીધા બાદ પોલીસની નોકરીમાં જોડાયા હતા. આવો સાધારણ માણસ વૈદિક ધર્મની તાલીમ વગર આર્યસમાજના એક અદ્વિતીય કાર્યકર્તા તરીકે પ્રસિદ્ધ થશે એ સામાન્ય દૃષ્ટિએ ન માની શકાય તેવી બીના છે. પરંતુ

તેઓ મહા સંસ્કારી હોવા છતાં સંસ્કારો તેનામાં નિદ્રાવશ બેભાન હાલત ભોગવતા હતા. આર્યસમાજના લીટરેચરનો અભ્યાસ શરૂ થયો કે છુપાયેલા સંસ્કારો દૃષ્ટિગોચર થવા લાગ્યા. ધર્મવીરે જીવનની દરકાર કરી હોય તો માત્ર આર્ય સમાજના મીશનના ફેલાવા માટે, તેટલે સુધી સંસ્કારોએ પોતાનો પ્રભાવ જગત સમક્ષ રજુ કર્યો. વૈદિક ધર્મના ફેલાવા અર્થે ધર્મવીરે મૃત્યુને હમેશાં હથેળીમાં રાખીને એક સરખીરીતે પોતાની ફરજ બજાવી હતી, કારણ સ્વામી દયાનંદના મીશને તેમને ઉન્માદાવસ્થા પ્રાપ્ત કરાવી હતી.

આવા મહા પુરૂષનું જીવન સર્વથા દૃષ્ટાંતનીય હોય એમાં નવાઇ નથી. તેમાંથી અનેક બોધ, અનુભવો ને અન્ય લાભ પ્રાપ્ત થાય છે. આ જીવનનું સાંગોપાંગ અવલોકન કરવા ઉપરાંત તેને અમલમાં મુકવા જો કોઇ સમર્થ પુરૂષ મેદાન પડશે તો જેમ જીવનના આખરના ભાગમાં જણાવેલું છે તેમ ધર્મવીરની ખરી યાદગાર કાયમ રાખી ગણાશે.

સન ૧૯૦૮ ના એપ્રીલમાં મીનજાન બરમામાંથી અમોએ શ્રીમાન **લાલા હંસરાજનું** જીવન ચરિત્ર આર્યપ્રકાશ પર મોકલેલું ને પ્રકાશમાં પ્રસિદ્ધ પણ થયેલ. પરંતુ હમેશાં જન સમૂહની દૃષ્ટિ સામે ધર્મવીર લેખરામજીનું જીવન કાયમ રહે તે માટે પુસ્તકાકારમાં પ્રસિદ્ધ કરેલ છે. આશા છે કે ગુજરાતી ભાઇઓ તેમાંથી ઘટતો લાભ પ્રાપ્ત કરશે.

ગુરૂકુળ ઉત્સવ તથા આર્યન કોન્ફરન્સ જેવા પ્રસંગોપર આ લઘુ પુસ્તક મોટી સંખ્યામાં (ઓછામાંઓછી એક હજાર પ્રત) મફત વાંટવાની ઉદારતા કોઇ ધનાઢ્ય બતાવશે તો રાખેલી કીંમતને બદલે અરધી કિંમતે અમો પુસ્તકો પુરાં પાડશું. પરંતુ તેની નોટીસ પેહેલેથી અમોને મળવી જોઇએ.

H. M. V.

ધર્મવીર મહાત્મા લેખરામ આર્ય મુસાફરનું

જીવન ચરિત્ર.

ઇતિહાસનું સૂક્ષ્મ દ્રષ્ટિથી અવલોકન કરતાં માલુમ પડે છે કે સંસાર વા ધર્મ કે જાતિની ઉન્નતિનો આધાર પોતપોતાના મહા પુરૂષો ને આત્મસમર્પણ કરનાઓના આત્મભોગોપર રહેલ છે. જે જે જાતિઓમાં આત્મ બલિદાન વધારે અપાયાં છે તેમની ઉન્નતિ જલદી થયેલી છે. જાતિ વા ધર્મની ઉન્નતિ અર્થે જે મહા પુરૂષે યજ્ઞ આરંભેલ હોય છે તે યજ્ઞની વેદિપર તેના અનુયાયીઓ સંપૂર્ણ જોસથી ચડવા તત્પર ન બને ત્યાં સુધી તેમની ઉન્નતિની ફતેહ પ્રાપ્ત થતી નથી. પૂર્વે ભારતવર્ષ આબાદીના શિખરે પહોંચેલો હતો, તે ઉપરાંત સર્વોપરિ શ્રેષ્ઠ ગણાતો હતો; તેમજ આજકાલ જેજે દેશ વા જાતિની ઉન્નતિ દ્રષ્ટિગોચર થાય છે ત્યાં ત્યાં શરૂઆતમાં મહા પુરૂષોએ પ્રજા અર્થે જે જે કષ્ટો સહન કરેલાં છે, તે શ્રવણ કરતાં આજે રોમાંચ ખડાં થાય છે. સીખ તથા ઇસાઇ ધર્મ ઉક્ત બાબતની સચ્ચાઇ બદલ સજીવન દ્રષ્ટાંતો છે. વૈદિક ધર્મના પુનરોદ્ધાર અર્થે મહર્ષિ દયાનંદ સરસ્વતિએ જે યજ્ઞ આરંભેલ, તેમાં આહુતિઓ પડવી જોઇતી હતી, જેથી કરી યજ્ઞ શાંત ન થાય.

સન ૧૮૯૧ માં મુનિવર પંડિત ગુરૂદત્તજી એમ. એ. વિદ્યાર્થીએ આપ આહુતિરૂપ બનીને પ્રાણાર્પણ કરેલ, જે સર્વ કોઇને સુ-વિદિત છે. આ મહાન આહુતિના પ્રભાવવડે કરીને મહર્ષિએ રચેલા યજ્ઞકુંડનો અગ્નિ છ સાત વર્ષસુધી બરાબર પ્રચંડ રહ્યો, ત્યારબાદ તે યજ્ઞના અંગારા મધ્યમ થવા લાગ્યા, તે એ-ટલે સુધી કે અગ્નિ કદાચ છેક શાંત થઈ જશે, એવી નિરાશા સામી ખડી થતી જોવામાં આવી. પરંતુ સન ૧૮૯૭ ના માર્ચની છઠ્ઠી તારીખે આ પવિત્ર યજ્ઞમાં બીજી આહુતિ ધર્મવીર પંડિત લેખરામ આર્યમુસાફરની પડી. આ આહુતિ એવી તો પ્રચંડ હતી કે આર્ય સમાજરૂપી હવન કુંડનો અગ્નિ પહેલાંના કરતાં હજારગણો વધારે સતેજ બની ગયો. પહેલી આહુતિ સાથે આ બીજી આહુતિ સરખાવતાં કબુલ કરવું પડે છે કે ધર્મવીરની આહુતિથી આર્ય સમાજમાં એક નવીન જીવન વ્યાપ્ત થઇ રહ્યું. ધર્મવીરની આહુતિ અપાયાંને આજે ચૌદ વર્ષ વ્યતિત થયાં છે ને ઇર્ષા, દ્વેશ, વેરઝેર વગેરે ચારે તરફ પ્રસરેલાં છે, છતાં આર્ય સમાજરૂપી હવન કુંડમાંથી ખુશબોની લેહેરો વાયાં કરે છે, તે આ મહાન યજ્ઞ બલિદાનનું પરિણામ છે. આર્ય સમા-જમાં કાંઇ પણ જીવન આજકાલ દ્રષ્ટિએ પડતું હોય તો તે મહર્ષિ દયાનંદના તપોબળનું અગર તો ધર્મવીરના સ્વાત્મા-ર્પણનું પરિણામ સમજવું. પરંતુ આપણે નાલાયકપણાને શરણ થઇને એવાં કર્મો કરતા આવ્યા છીએ કે કદાચ આર્યસમાજની હસ્તિ નષ્ટ થઇ જાય. કારણ આપણે આપણાં કર્તવ્યોનું એક અંગ પણ પરિપૂર્ણ કરતા નથી; ઉપરાંત બહારની ઇર્ષા દ્વેશની મેળવણીથી આપણે છેક અપવિત્ર બની રહ્યાછીએ.

ભંગી ચમારના સ્પર્શથી ભ્રષ્ટ થવાનો વેહેમ નિર્મૂળ છે, પરંતુ કર્તવ્ય ભ્રષ્ટતા તેજ ખરી ભ્રષ્ટતા છે. ધર્મવીરનાં પવિત્ર જીવન ચરિત્રનાં પાનથી શુદ્ધ ને પવિત્ર થવાય તેમ છે. પરંતુ અફ-સોસની વાત એ છે કે ધર્મવીર લેખરામનું જીવન આર્યસમાજ તર્ફથી હજુ તૈયાર થયું નથી. સમાજને અંગે ધાર્મિક કાર્યોની પ્રવૃતિને લીધે આવાં જીવન તૈયાર થતાં નહિ હોય, પરંતુ જે વીર પુરૂષે સમાજના હિતાર્થે પોતાના તન મન ધન સમર્પણ કરેલ હોય, તથા જેને મૃત્યુ વખતે આખરનો ખ્યાલ કંઇ આવ્યો હોય તો તે માત્ર આર્ય સમાજનો; તેવા સમાજના શિરોમણિનું જીવન આટલી લાંબી મુદ્દત સુધી અંધારામાં રહે તે ખરેખર હતભાગ્યની નિશાની સમજવી. જીવન પર્યંત જેણે અમારી ભલાઈની સાધના કરી તેના પ્રત્યે અમો કૃતઘ્ની બન-વાથી આર્યસમાજ તેવી કૃતઘ્નતાનુ ફળ ભોગવે છે ને ભોગ-વશે આ કૃતઘ્નતાના ખ્યાલથી તથા કર્તવ્યનું કોઇ અંગ પરિ-પૂર્ણ કરવા આજે અમોએ વીર લેખરામનું જીવન ટુંકમાં આ-લેખવા હિંમત કરી છે. બને ત્યાં સુધી ધર્મવીરની જીંદગીના વૃતાંતની મુખ્ય બાબતો સંપૂર્ણ હાથ કરવા અમે બનતો પ્રયાસ કરેલ છે. આ જીવનચરિત્રનું બરાબર મનન કરી નાયકના જીવન જેવું પવિત્ર પરોપકારી જીવન વ્યતિત કરવા સર્વ કોઇ મનપર લેશે તો અમારો પ્રયાસ સફળ થયો ગણીશું.

ધર્મવીરનો જન્મ તથા ઓલાદ.

લેખરામજીનો જન્મ જેલમના તાસીર ચકવાલ તાબે સૈયદ-પુર નામે ગામમાં થયો હતો. સૈયદપુર કુદરતી લીલાનું સ્થળ હોવાથી મશહૂર છે. આ ગામની ત્રણ બાજુ મોટી નદીઓ વહ્યાં કરે છે. પૂર્વમાં જે નદી વહે છે તેનું મુખ રામહલાદાન નામે પહાડમાં છે. આ પહાડનો પાંડવોએ વનવાસના સમયમાં આશ્રય લીધો હતો ને ત્યાં ખેતી કરી નિર્વાહ કરતા હતા. જો કે પંડિ-તજીનો જન્મ સૈયદપુરમાં થયો હતો, પરંતુ તેમનો મુખ્ય વસવાટ તો ઘણે ભાગે રાવલપીંડી તાબે ખોટા નામે ગામમાં હતો. પંડિતજીના દાદા પેહેલાં પોતાના સાસરાના ગામ સૈય-દપુરમાં આવીને રહ્યા હતા. તેમને બે પુત્ર હતા, જેમાંના એકનું નામ નારાયણસીંગ ને બીજાનું નામ તારાસીંગ હતું. અમો જીવનનો મુખ્ય વ્રતાંત ટુંકમાં આપવા માગીએ છીએ તેથી પંડિતજીના પિતા તારાસીંગના સંબંધમાં માત્ર થોડો હેવાલ રજુ કરીએ છીએ. મેહતા તારાસીંગ બ્રાહ્મણ જાતિના હતા તથા નોકરીનો ધંધો કરતા હતા. સંવત ૧૯૧૨ માં તેમનાં લગ્ન થયાં હતાં. તેમને ત્રણ પુત્ર તથા એક પુત્રી હતાં. સૌથી મોટા પુત્રનું નામ લેખરામ હતું. તેનો જન્મ સંવત ૧૯૧૫ માં થયો હતો. બીજા બેનાં નામ તોતારામ ને બાલકરામ તથા પુત્રીનું નામ માયાવંતી હતાં.

અભ્યાસ તથા કેળવણી.

જેવી રીતે આજકાલ અંગ્રેજી ભાષા રાજભાષા હોવાથી તેનું માન બીજી ભાષાઓના કરતાં બહુ ભારી છે; તેવીજ રીતે તે વખતમાં ફારસી જાણનારને સંસ્કૃત વા બીજી ભાષા જાણનાર કરતાં વધારે માન મળતું હતું. આ કારણથી દરેકની વ્રતિ ફારસી શીખવા તરફ ખેંચાતી; તેમજ કોર્ટમાં પણ તમામ કામ ફારસીમાં થતું. આવા વખતમાં પંડિતજીને સંસ્કૃત શીખવવાનો ખ્યાલ કોઇને હોઇ શકે ? નહિ. તેથી તેની ઉમર છ સાત વર્ષની થઈ કે તેને સૈયદપુરની ગામઠી સ્કુલમાં ફારસી ભણવા માટે દાખલ કરવામાં આવેલ. થોડા વખતમાં શિક્ષકોનો સંપૂર્ણ પ્યાર તેણે પ્રાપ્ત કર્યો. તેનો મગજ નાનપણથીજ બહુ તેજ હતો તથા તેની હાજર જવાબીની શક્તિ અપૂર્વ હતી. શિક્ષકો તેમને જે કંઈ શિખવતા તે તરત તેને કંઠાગ્ર થઇ જતું. સ્કુલમાં દાખલ થયાં થોડો વખત થયો કે તરત કેળવણી ખાતાનો ચીફ ઇન્સપેક્ટર પરિક્ષા લેવાને સૈયદપુરમાં આવેલ. લેખરામજીની હાજર જવાબી જોઇને તે એટલો તો ખુશ ખુશ થઈ ગયો કે તેને ખાસ ઇનામ અપાવરાવ્યું. સ્કુલની કેળવણી ઉપરાંત પંડિતજીને બચપણથીજ ધર્મ સંબંધી કથાઓ શ્રવણ કરવાનો ખાસ શોખ હતો. ગામમાં કથા વાર્તા જ્યાં કયાંય થવાની હોય ત્યાં તે હાજર ન થાય તેમ બનતું નહિ. સંવત ૧૯૨૬માં પંડિતજીની વય અગીઆર વર્ષની થઇ, ત્યારે તેમના કાકા પંડિત ગંડારામજીએ પોતા પાસે લેખરામને પેશાવરમાં

બોલાવી લીધેલ. પેશાવરમાં પંડિતજીને મુસલમાન મોલવીઓ પાસે ઘણી વખત શીખવા જવું પડતું હતું. પંડિતજીના મગજમાં મુસલમાની ધર્મના સંસ્કાર નાખીને તેમને મુસલમાન બનાવવાની કોશીષ મોલવીઓ હમેશાં કરતા હતા. પરંતુ પંડિતજીના પ્રશ્નો તથા હાજર જવાબીથી મોલવીઓ ચુપ થઈ જતા હતા. ત્રણ વર્ષ સુધી પેશાવરમાં તેઓએ કેળવણી લીધી. સૈયદપુરમાં પુનઃઆવીને ગામઠી સ્કુલમાં દાખલ થયેલ. પંડિતજીએ ગ્રંથોનું શિક્ષણ આ સ્કુલના હેડ માસ્તર મુનશી તુલસીરામ પાસેથી પ્રાપ્ત કરેલ. આ શિવાય બીજી કોઈ કોલેજ કે અંગ્રેજી સ્કુલમાં તે દાખલ થયેલ નહિં. પરંતુ પંડિતજીના ગ્રંથો દેખતાં એમ કોઇ નહિ કહી શકે કે તેઓ અંગ્રેજી ભાષાથી અપરિચિત હતા. પંડિતજીને બચપણથીજ કવિતાઓ રચવાનો શોખ હતો તથા તેમની તિવ્રબુદ્ધિ તથા ખંતીલાપણું જોઇને તમામ શિક્ષકો તેનાથી અત્યંત પ્રસન્ન રેહેતા. પરંતુ તેને કાવ્યનો શોખ બહુ વધી ગયો, જેથી મુનસી તુલસીરામ તેનાપર બહુ નારાજ રેહેતા. સ્કુલમાંજ પંડિતજીએ ફારસી ભાષાપર સારો કાબુ પ્રાપ્ત કર્યો હતો, જેથી તેની ફારસી બેતો બહુ સારી થતી હતી. સાથસાથ પંજાબી ભાષામાં પણ કવિતાઓ તે રચતા ને તે કવિતાઓ પણ સુંદર થતી હતી. ઈતરે રૂહાની બજવાબ ગુલાબે ચમન નામે પુસ્તકપરથી ઉપલી હકીકત પુરવાર થાય છે. પંડિતજીના કુટુંબમાં કોઇએ શ્રેષ્ટ કેળવણી પ્રાપ્ત કરેલ નહિ, છતાં પંડિતજીએ અગાધ વિદ્વતા પ્રાપ્ત કરેલ, જેથી તેનામાં અપૂર્વ કુદરતી બક્ષિસો તથા ખંતિલાપણું હોવાનો પ્રબળ પુરાવો સ્વયં પ્રાપ્ત થાય છે.

સરકારી નોકરી.

અભ્યાસ સંપૂર્ણ કર્યાબાદ પંડિતજી પુનઃ પોતાના કાકા મેતા ગંડારામ પાસે પેશાવર ગયા. તે વખતે ગંડારામજી ડેપ્યુટી ઇન્સ્પેકટર ઑફ પોલીસના હોદ્દાપર કાયમ થઇ ગયા હતા. તેણે પોતાના ભત્રિજાને પોલીસમાં દાખલ કરવા માટે ડીસ્ટ્રીકટ સુપ્રીન્ટેન્ડન્ટ મી૰ ક્રીસ્ટીને પેશાવરથી અરજ કરી. મી૰ ક્રીસ્ટી-એ લેખરામને જાતે જોવા ઈચ્છા બતાવી. એક કદાવર શરીર-વાળા જુવાનને જોઈને મી૰ ક્રીષ્ટીએ અરજ તરત મંજુર કરી, જેથી ૧૮૭૫ના ડીસેંબરની તા૰ ૨૧મીએ પંડિતજીની પોલીસમાં ભરતી કરવામાં આવી. પોલીસ ખાતું આજ કાલ ભ્રષ્ટ થયેલું ને સળેલું માનવામાં આવે છે તે બતાવવા જરૂર નથી. તમામને તેનો થોડો ઘણો અનુભવ હોય છે. પરંતુ પંડિતજીએ પોતાની ફરજો ઇમાનદારી, નિર્ભયતા ને વિવેક વડે અદા કરેલ. જ્યારે મી૰ ક્રીસ્ટીના જાણુવામાં આવ્યું કે પંડિતજીને કોઇ ગાઝી મુસલમાને કાતિલ છુરાથી કતલ કરેલ છે ત્યારે તેમની બાહોશી ને ઇમાનદારીનું સરટીફીકેટ મી૰ ક્રીસ્ટીએ જાહેરમાં રજુ કર્યું હતું. તેના ઉપરીઓ તેની નેકી ને કાર્ય દક્ષતાથી હમેશાં એટલા તો સંતુષ્ટ રેહેતા કે પંડિતજી જે કંઇ કહે તે વગર તપાસે વગર શંકાએ તેઓ કબુલ રાખતા. નોકરીમાં જોડાયાં થોડો વખત થયો કે ઉપરી અમલદારોએ તેમને સાર-જંટના હોદ્દાપર કાયમ કરેલ. પંડિતજીની લાયકાત અને નેકનિષ્ટા જોતાં આટલી કદર વધારે ગણાય નહિ. લાંબો વખત પોલીસ ખાતામાં પંડિતજીએ કામ કર્યું હોત તો ચોકસ તેઓ મોટો

હોદ્દો પ્રાપ્ત કરત. પરંતુ તેને કોઇ જુદીજ દિશામાં લગ્ની લાગેલી હતી. પોતાનું કામ પુરૂં કરીને તેઓ ધર્મના પ્રચલિત ગ્રંથોનું અવલોકન કરવામાં પોતાનો વખત ગુજારતા હતા. એવામાં તેને એક સીખ સીપાઇની સોબત થઇ, જેથી ગુરૂ મુખીમાં ગીતાનો પાઠ તેમણે શીખી લીધો. હવેથી હમેશાં ગીતાનો પાઠ શરૂ કર્યો. પરિણામમાં શ્રી કૃષ્ણચંદ્ર ઉપર તેને અનન્ય ભક્તિ ભાવ ઉત્પન્ન થયો. મેતા ગંડારામનું કેહેવું એમ હતું કે સન ૧૮૮૦માં લેખરામજી શ્રી કૃષ્ણના અનન્ય ભક્ત એટલે દરજ્જે સુધી બની ગયેલ કે ખોરાક પણ એક વખત કરી નાખ્યો ને હમેશાં સમાધિ કરવી શરૂ કરી. એક દિવસ સમાધીમાં એટલે સુધી તે બેભાન થઇ ગયેલ કે ખાટલાપરથી તે નીચે પડી ગયેલ, પરંતુ દૈવ ઈચ્છાએ તેને કશી ઇજા થઈ નહિ. પંડિતજીનો આવો ભક્તિ ભાવ જોઇને ઘરના માણસોને ફીકર થવા લાગી કે કદાચ છોકરો હાથથી જશે, જેથી તેનાં માતા પિતા તેમનાં લગ્ન કરવા માટે તૈયારી કરવા લાગ્યાં. લગ્નની વાત સાંભળતાં પંડિતજીએ નોકરી છોડીને મથુરાં વંદ્રાવન તરફ પ્રયાણ કરી જવા વિચાર કર્યો. નોકરી છોડી ઉપડી જવાની તૈયારી લગભગ થઇ રહી હતી ને કદાચ ઉપડી ગયા હોત, પરંતુ મેતા ગંડારામજી જાતે પેશાવરથી તેમને સમજાવવા આવી પહોંચ્યા, જેથી નોકરી છોડવાનો વિચાર મુલતવી રાખવા તેમણે કબુલ કર્યું; પણ એવી સરતે કે લગ્નરૂપી પાંજરામાં તેમને બંધ કરવામાં ન આવે. પંડિતજીનો દ્રઢ આગ્રહ જોઇને ઘરનાં માણસોએ તેનાં લગ્ન તરતમાં મુલતવી રાખ્યાં ને તેના નાના ભાઇનાં લગ્ન કરવામાં આવ્યાં. (પાછળથી થોડા વરસ બાદ પંડિતજીનાં લગ્ન થઇ ગયાં હતાં.)

વેદિક ધર્મમાં પ્રવેશ.

તરતમાં તો લગ્નના બંધનમાંથી પંડિતજી અલગ રહી શકયા; જેથી પ્રથમના કરતાં બહુ જોરશોરથી ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ શરૂ કર્યો. દરમીયાન મુનશી ઘનૈયાલાલ અલખધારીના ગ્રંથોની સ્તુતિ તેને કાને પડી, જેથી તે ગ્રંથો મંગાવી અવલોકન કરવા માંડયું. તેના એક ગ્રંથમાં શ્રી સ્વામી દયાનંદ સરસ્વતીની અગાધ વિદ્વતા તથા અનન્ય ધાર્મિક પ્રેમની બીનાઓ વાંચવામાં આવી. વર્તમાન પત્રદ્વારા સ્વામીજીની અપૂર્વ શક્તિની ખાત્રી કર્યા બાદ તેણે સ્વામી કૃત તમામ ગ્રંથો મંગાવી અભ્યાસ શરૂ કર્યો. આ ગ્રંથોનું અવલોકન થવા માંડયું કે મનની શાંતિ સાથે વેદિક ધર્મમાં શ્રદ્ધા ઉત્પન્ન થવા લાગી ને મહર્ષિનાં દર્શનની અભિલાષા સતેજ થવા લાગી. સ્વામીકૃત ગ્રંથોનાં અવલોકનથી પંડિતજીનાં ધાર્મિક ખ્યાલોમાં મહાન પરિવર્તન થઈ ગયું. પોતે નોકરીનો ધંધો કરવા છતાં બીજાપર ઉપકારની વૃતિ તેમનામાં સ્પુરી નીકળી. નોકરીને અંગે કામ પુરૂં કરીને પોતાના સોબતીઓમાં તેઓ ધાર્મિક ચર્ચા ચલાવતા હતા ને સ્વામીજી મહારાજના ઉપદેશોનું શ્રવણ સર્વને કરાવતા હતા. સ્વામીજીના મીશનનો બોહોળો ફેલાવો કરવા માટે સને ૧૮૮૧ માં પેશાવરમાં તેમણે આર્યસમાજ સ્થાપન કરી. દર અઠવાડીએ સમાજનું સંમલેન થતું, જેમાં પંડિતજી પોતે ઉપદેશ તથા વ્યાખ્યાન આપતા. હજુ સુધી પંડિતજીએ સ્વામીજીના ગ્રંથોનો અભ્યાસ

કર્યો હતો, પરંતુ તેમનાં દર્શન થયાં નહોતાં; તેમજ બીજા કોઇ આર્યસમાજી ભાઇ સાથે તેમને મુલાકાત થઈ નહોતી. પેશાવરમાં વૈદિક ધર્મનો અંકુર પ્રથમ દાખલ કરનાર લેખરામજી હતા.

પેશાવર આર્યસમાજ સ્થાપન કર્યા બાદ મહર્ષિ દયાનંદના દર્શન માટે એક માસની રજા લીધી. લાહોર, અમ્રતસર, તથા બીજી મુખ્ય આર્યસમાજોની મુલાકાત લેઇને તેઓ અજમેર જઇ પહોંચ્યા; જ્યાં તે વખતે સ્વામીજી બીરાજમાન હતા. સ્વામીજી સાથે વાર્તાલાપ કરીને પોતાના મનની શંકાઓ ને ભ્રાંતિઓ દૂર કરી. સ્વામીજીને પંડિતજીએ પેશાવરમાં સમાજ સ્થાપન થયાના ખબર આપ્યા જેથી તેઓ બહુ પ્રસન્ન થયા ને પંડિતજીમાં ધર્મભાવ સંપૂર્ણ છે તેની ખાત્રી થઇ. સ્વામીજીએ પંડિતજીને આશીરવાદ આપી વૈદિક ધર્મના પ્રચાર માટે ઉત્સાહિત કર્યા.

વૈદિક ધર્મ પ્રચાર.

અજમેરથી પાછા ફર્યા બાદ વૈદિક ધર્મનો પ્રચાર જોરશોરથી પંડિતજીએ શરૂ કર્યો તથા વૈદિક ધર્મની સચ્ચાયના પ્રચાર માટે એક "ધર્મોપદેશ" નામનું વર્તમાન પત્ર શરૂ કર્યું. હવે બીજા ધર્માવલંબીઓ સાથે ચર્ચા કરવા લાગ્યા. પંડિતજી સાદાય ને સરળતા માટે તો પ્રથમથીજ પ્રખ્યાત હતા, પરંતુ હવે તો તેઓએ યાહોમ કરી કાર્યની રણ ભૂમીમાં ઝંપલાવવા માંડ્યું ને વૈદિક ધર્મના પ્રચાર માટે કોઇ પણ લાલચ

કે ડર તેને અસર કરે તેમ નહોતું. સદાચાર તથા ધર્મભાવના કારણથી તેમના ઉપરીઓ તથા તાબાના માણસો તેમની બહુ પ્રશંસા કરતા અને પંડિતજીનો ધર્મોપદેશ શ્રવણ કરવા તેઓ તમામ જતા. પંડિતજીના ધર્મોપદેશની છાપ તમામના પર બહુ સારી પડતી હતી. પરંતુ માંસ ભક્ષણ જેવા કેટલાક સવાલોની ચરચાથી અસત્યને સત્ય માની બેઠેલા કેટલાક મુસલમાન ઑફીસરો પંડિતજી પ્રત્યે દુશ્મની રાખવા લાગ્યા, પરિણામ એ આવ્યું કે પંડિતજીની બદલી પેશાવરથી અન્ય સ્થળે કરવામાં આવી. ત્યાંથી પણ વર્તમાન પત્ર માટે વિષયો લખી તેઓ પેશાવર સમાજ પર મોકલી આપતા હતા. પરંતુ આખર નાણાંની ખોટથી પત્ર બંધ કરવું પડયું હતું.

સન ૧૮૮૩ માં ધર્મવીરે પોતાની જગ્યાનું રાજીનામું રજુ કર્યું. કારણ વૈદિક ધર્મના પ્રચાર માટે તે કર્ત્તવ્ય તેને બહુ આવશ્યક લાગ્યું. પરંતુ તેમના ઉપરીઓ તથા મિત્રોની સલાહથી તેમણે તે વખતે રાજીનામું પાછું ખેંચી લીધું. નોકરી કરતે છતે વખત મળતો કે સ્થાનિક પ્રચાર ઉપરાંત આસપાસનાં ગામોમાં પણ પ્રચાર કરવા જતા. આખર સન ૧૮૮૪ માં પોલીસ ખાતા પ્રત્યે તેમને સખ્ત અણુગમો થઇ ગયો. જેથી કોઇની સલાહ નહિ લેતાં રાજીનામું આપી નોકરી છોડી દીધી.

નોકરીનો ત્યાગ કરી ધર્મવીર સીધ્ધા લાહોર આર્યસમાજમાં આવ્યા ને સંસ્કૃત વ્યાકરણનો અભ્યાસ કરવા માંડયો. થોડા વખતમાં પોતાની ચાલાકી તથા કુદરતી બક્ષીસને લીધે સંસ્કૃત વ્યાકરણનો એવો તો સારો અભ્યાસ કર્યો કે સંસ્કૃત ગ્રંથોનો સાર સમજી શકાય. ત્યાર બાદ તેઓ ફીરોજપુરમાં

આર્ય ગેઝટના એડીટર તરીકે નીમાવાથી ત્યાં જઈ પહોંચ્યા. આર્ય ગેઝટ તે વખતે આર્ય સમાજનું એકજ ઉર્દુ અઠવાડીક પત્ર હતું. પંડિતજીએ પત્રને ઘણી બાહોશીથી ચલાવ્યું, જેને માટે તેની ફાઇલ સાક્ષી પૂરે છે. આર્ય ગેઝટના અધિપતિનો ચાર્જ સંભાળતાંની સાથે પુસ્તકો લખવાનું કામ બહુ શીઘ્રતાથી શરૂ કર્યું. આ ઉપરાંત નાના નાના ટ્રેકટો સૌથી પેહેલે બહાર પાડવા માંડયા. જેથી ધર્મવીર લેખરામ એક ઉત્તમ ગ્રંથકાર તરીકે મશહુર થઇ ગયા તેમજ આર્ય સમાજના લીટરેચરને મુસલમાની ધર્મ સંબંધી વાકેફગારીરૂપી ભંડારથી પુરિત કરી દીધું. આ પુસ્તકનું નામ " તકઝીબ બરાહીન આમદીયા " હતું. આ ગ્રંથમાં કાદીયાનીના ગુલામ અહમદની પોલ ઠીક ખુલવામાં આવી હતી ને તેથી વૈદિક ધર્મની શ્રેષ્ટતા ભારત-વાસીઓના દિલપર દ્રઢ થતી હતી. આ સિવાય બીસ મોટા મોટા ગ્રંથો તેણે લખ્યા તથા ઇસાઇ ને મુસલમાની ધર્મના ખંડનાર્થે તેમજ તેઓના હુમલા સામે જવાબ આપવા માટે જબરજસ્ત વિષયો વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થયા હતા, જેનું સાંકળીયું આપવાની કશી જરૂર જણાતી નથી.

આર્ય મુસાફર નામ કેમ પડ્યું ?

સવાલ સ્વાભાવીક રીતે ઉભો થાય છે કે ધર્મવીર લેખ-રામે અમુલ્ય યુક્તિ ને શોધથી ભરપુર તથા તેની સાથે હરીફાઇ કોઈ કરી ન શકે તેવા નાના મોટા લગભગ ચાલીસ ગ્રંથો લખ્યા, તે તેણે કોઈની મદદથી લખ્યા હતા કે કોઇ મહાન

પુસ્તકાલયમાં બેસીને પોતે જાતે લખ્યા હતા? આ પ્રશ્નનો જવાબ એક સત્ય હકીકત પરથી બરાબર મળી જાય તેમ છે; તે એ કે એ વખતે પડિત લેખરામ વગર આર્ય સમાજમાં બીજો એક પણ લાયક પુરૂષ નહોતો કે જેની ચારે તરફથી માગણી થતી હોય. આર્ય સમાજની શરૂઆત હોવાથી મુસલમાનો તથા ઇસાઇઓ આર્ય સમાજપર ચારે તર્ફથી હુમલાઓ વારંમવાર કરતા હતા. તેમની સામે કમર બાંધવાને આર્યસમાજ પાસે કોઇ લાયક નર હોય તો માત્ર લેખરામજી એકજ હતા; તથા સમાજના વાર્ષિક ઉત્સવો પંડિતજીનાં લલિત વ્યાખ્યાનો વડે કરીને ફતેહમંદ થતા હતા. આ અરસામાં સ્વામી દયાનંદના જીવન ચરિત્રની પ્રસિદ્ધિ માટે તેમનાં જીવનના હેવાલો તથા ઇતિહાસની શોધનું મુશ્કેલ કામ સંપૂર્ણ રીતે પુરૂં કરી શકે તેની તજવીજ થવા લાગી. તમામની નજર માત્ર ધર્મવીર લેખરામપર પડી. ને તે કામ તેમને સોંપવામાં આવ્યું. જો કે પેહેલાં પણ એક જગોએ ઠરીઠામ બેસવાનો તેને ભાગ્યેજ વખત મળતો પરંતુ જયારથી મહર્ષિનાં જીવન ચરિત્રની જવાબદારી પોતાને શીર લીધી ત્યારથી તો તેણે દેશ દેશાંતરોમાં ભ્રમણ શરૂ કરી દીધું. જો સવારમાં એક શહેરમાં હોય તો તેજ સાંજના બીજા કસબામાં જઇ પહોંચતા; જો ખબર મળે કે અમુક વન કે જંગલમાં મહિર્ષિનાં જીવનનો કંઇ વૃતાંત મળી શકશે તો તેજ વખતે ત્યાંથી પ્રયાણ કરતા. તાત્પર્ય કે જયારથી ઋષિનાં જીવન વૃતાંતનો ભાર પોતાને શિર આવ્યો ત્યારથી મૃત્યુ પર્યંત તમામ જીવન અહર્નિશ ભ્રમણમાં ગુજાર્યું. જેથી પોતાનું નામ " આર્ય મુસાફર " તેઓએ રાખ્યું હતું.

આજ કાલ કરતાં છ સાત વર્ષ થયાં આર્યસમાજમાં ઈતિહાસનો પ્રશ્ન ચર્ચાઇ રહ્યા છે. છતાં કોઇ જવાંમર્દ યાહોમ કરી તે કામ પોતાને શીર લેવા મેદાન પડતો જણાતો નથી આ વખતે ધર્મ વીરની હયાતી હોત તો તેનો નીવેડો કયારનો આવી ગયો હોત; કારણ તે પર આર્ય સમાજની હયાતી ને બીન હયાતીનો પ્રશ્ન ઝઝુંમી રહેલ છે. અહા ! ! અત્યંત ખેદયુક્ત બીના જાહેર કરવી પડે છે કે ધર્મવીરની પછી કોઇ તેવો લાયકાત પ્રપૂર્ણ મેદાનમાં નજરે પડતો નથી. પંડિતજીમાં સંશોધન શક્તિ અપૂર્વ હતી; જેનો પુરાવો તેણે રચેલ તકઝીબ વરાહીન એમદીયા નુસ્ખા ગબ્દ એહેમદીયા તથા સાબુત તન્નાસુખ નામે પુસ્તકોમાંથી મળે છે. મહર્ષિ દયાનંદ કૃત ગ્રંથો તથા પંડિત ગુરૂદત્ત કૃત બેચાર પુસ્તકો સિવાય આર્યસમાજની સામાન્ય લાયબ્રેરીમાં લિટરેચર જે કંઇ છે તે આર્ય મુસાફરના ગ્રંથોનું પરિણામ માત્ર છે. પાછળથી જે ગ્રંથો પ્રસિદ્ધ થયા છે તે ઉક્ત ગ્રંથોમાંથી લીધેલ હકીકતોનાં મિશ્રણ રૂપ છે. આર્ય મુસાફરના મૃત્યુ બાદ એક પણ ગ્રંથ અદ્યપિ પ્રસિદ્ધિમાં આવેલ નથી કે ખંડન મંડનના વિષયમાં ખાસ નવો પ્રકાશ આપતો હોય. કેવી અફસોસની વાત ! ! કાર્ય કર્ત્તાઓની મહાન ખામી કોની નજરે હજુ નહિ પડે ? આર્ય સમાજના લીટરેચરમાં હજુ ઘણો વધારો થવાની જરૂર છે, પરંતુ લેખકો દૃષ્ટિએ પડતા નથી. પરમાત્મા ધર્મવીર લેખરામ જેવા રત્નોને આર્યભૂમિપર જન્મ આપો.

ધર્મ પ્રચાર માટે અદ્વિતીય ઉત્સાહ.

ખૂબ યાદ રાખવુ જોઇએ કે ધર્મવીરની પછી એવો એક પણ ઉપદેશક રંગભૂમિપર આવેલ નથી, જેણે આર્યસમાજની લગ્નીમાં દિવસ તથા રાત બરાબર કરી નાંખ્યા હોય. અલબત ધર્મવીરનાં મીશનને અગાડી ધક્કેલવા માટે કંઈ પણ માન જો કોઇને ઘટીત હોય તો તે માત્ર સ્વર્ગસ્થ લાલા વઝીરચંદને ઘટે છે. લાલા વઝીરચંદ પચત્વને પામ્યા તેને હજુ ભાગ્યે દોઢ વરસ થયું હશે. તેમણે મૃત્યુ પર્યંત આર્યસમાજની સેવા સિવાય બીજુ કાર્ય કર્યું નહોતું. લાલા વઝીરચંદને બાદ કરતાં આજ વખત સુધી જેટલા જેટલા ઉપદેશકો થઇ ગયા તથા હાલ મોજુદ છે તેઓમાં વેદિક ધર્મને માટે ધર્મવીર લેખરામમાં જે જોશ હતું, તે માહેલું એક આંઉસ પણ કોઇનામાં નથી. ધર્મવીરમાં વેદધર્મ માટે અગાધ બળ હતું. તેનો પત્તો તેના પર વીતેલી અનેક હકીકતોપરથી મળી શકે તેમ છે. એ તમામનું વર્ણન આવા સંક્ષેપ જીવનમાં આપવું મુશ્કેલ છે, જેથી નમુના બદલ બેચાર હકીકતો માત્ર રજુ કરીશું. સન ૧૮૯૫માં અમૃતસર આર્યસમાજમાં વ્યાખ્યાન આપવા માટે પંડિતજી ગયા હતા. વ્યાખ્યાનમાં વેદિક ધર્મની ખુબી બતાવતે બતાવતે વેદ ધર્મની સરખામણી મુસલમાની ધર્મ સાથે કરવા લાગ્યા, જે વખતે કોઇ બેવકુફ મુસલમાન ભાઇએ સામેના મકાનમાંથી એક ડબલ ઇંટ એવીતો જોરથી તાંકીને ફેંકી કે પંડીતજી ફરતા ફરતા વ્યાખ્યાન આપતા ન હોત તો જરૂર તેમનું માથું ફુટી જાત. પરંતુ ખેર ગુજરી, જેથી ઇંટ મેજ સાથે અફળાઇને

જમીનપર પંડિતજીના પગ પાસે પડી. જલસામાં શોરબકોર થઇ રહયો ને શ્રોતાઓ તેને પકડવા દોડયા. આ વખતે ધર્મ વીરે સિંહુનાદવડે ગર્જના કરી જણાવ્યું કે, ભાઇઓ, હવે શાંત થઇને બેસી જાવ. આ ઇંટ મારા માટે ફેંકાયેલી નથી એમ સમજી ખામોશ કરો. આવી ઇંટોને પથ્થરોના માર ખાવાની મને આદત પડી ગઇ છે. જયાં જયાં હું જાઉં છું ત્યાં ત્યાં મારો સત્કાર ઇંટોને પથ્થરના મારથી થાય છે. જાણે મને પુલો-થી વધાવવામાં આવે છે એમ આવા સત્કારને હું સમજું છું. હું તો અલ્પમતિ બળહીન છું, પરંતુ મારા આચાર્ય રૂષિ દયાનંદ પર પણ અમૃતસરમાં ઇંટોની વર્ષા થઇ હતી.

એક વખત ટાક સંચો એમ ગોઠવાયો કે બટાલા શેહેર કે જયાં હાલ આર્ય સમાજ હસ્તી ધરાવે છે, પરંતુ તે વખતે સમાજ નહોતી ત્યારે ત્યાં પાદરીઓ સાથે શાસ્ત્રાર્થ કરવાને ધર્મવીર જઈ પહોંચ્યા. દૂર દૂરથી પાદરીઓ શાસ્ત્રાર્થ માટે ત્યાં એકત્ર થયા હતા. શાસ્ત્રાર્થની શરતો નકી થઇ ચુકી ને જે મુકરર થયેલ દિવસે શાસ્ત્રાર્થ થવાનો હતો તે દિવસ આવી પહોંચ્યો. તે દિવસે શાસ્ત્રાર્થ શ્રવણ કરવાને જબરજસ્ત શ્રોતામંડળ ત્યાં જમા થયું. મુકરર થયેલા વખત પેહેલાં બે કલાકે ધર્મવીર મળત્યાગ અર્થે પાયખાનામાં ગયા. પાયખાનામાં જંગલી માખો જે કાંડરૂ નામે ઓળખાય છે, તેનું પોડું લાગેલું હતું, જેના-પર ધર્મવીરની દ્રષ્ટિ પડી નહિ. પાયખાનામાં દાખલ થતાંનીવારે દસ બાર કાંડરૂઓએ તેમના ચેહેરાંપર સખ્ત ડંખ માર્યા. તમામ મુખ તથા માથું સૂજી આવ્યું ને તેની વેદનામાં તાવ ઉભરાઇ

આવ્યો. પંડીતજીએ જેને ત્યાં ઉતારો કર્યો હતો તે ઘરધણીએ કહ્યું કે સભામાં જઇ અમો ખબર આપીએ કે પંડિતજી અચાનક બીમાર પડી ગયા છે ને શાસ્ત્રાર્થ કોઇ બીજા દિવસ પર મુકરર કરો. પરંતુ તેમણે તે વાત કબુલ કરી નહિ ને તેવી ખરાબ હાલત છતાં શાસ્ત્રાર્થમાં સામેલ થયા. પંડિતજીની આવી હાલત જોઇને પાદરીઓએ પણ કહ્યું કે આજે આપની હાલત સારી નથી ને બહુ તકલીફ છે, જેથી શાસ્ત્રાર્થ બીજા વખતપર મુલતવી રાખવો જોઇએ. પરંતુ ધર્મવીરે જાહેર કર્યું કે મારી તકલીફની કોઈએ પરવા કરવી નહિ. અત્રે જેઓ દૂરદૂરથી શાસ્ત્રાર્થ શ્રવણ કરવાને પધારેલા છે, તેઓની તકલીફનો ખ્યાલ મારે કરવો જોઇએ; નહિ કે મારી તકલીફનો. આખર તેજ દિવસ શાસ્ત્રાર્થ થયો, જેનો પ્રભાવ શ્રોતા મંડળપર બહુ સારો પડયો ને વેદ ધર્મનો વિજય તમામને કબુલ કરવો પડયો હતો.

એક વધારે કિસ્સો પિસરોર શેહેરનો છે, જે પુરવાર કરે છે. કે વૈદિક ધર્મના જોસમાં તેને દુનિઆના કોઈપણ ભયનો ખ્યાલ નહોતો. જ્યાં જીંદગીને જોખમનો ભય ને કદાચ મૃત્યુ-ની તલવાર ઉપર ઝઝુમતી જણાય તોપણ તેવે સ્થળે વેદ ધર્મ-ના પ્રચાર માટે જવામાં તે કદી પાછી પાની કરતા નહી. પીસ-રોરમાં આવોજ મામલો જન્મ પામ્યો હતો, એક હિંદુને મુસલ-માન બનાવવાની ત્યાં તૈયારી થઇ રહી હતી. પંડિતજીએ વખતસર ત્યાં જઈને હિંદુને બચાવી લીધો, કે જેથી મુસલ-માનો જોસપર આવી ગયા ને તેઓ મરવા મારવાને તૈયાર થઈ ગયા. આવી ગંભીર હાલત જોઇને કેટલાક હિંદુ ભાઈઓએ

પંડિતજીને મુસલમાનોની સભામાં નહિ જવા સૂચના કરી, પરંતુ તેમણે માન્યું નહિ ને મુસલમાનોની ગંજાવર સભામાં હાજર થઇને એક મુસલમાન તેહેસીલદારના પ્રમુખપણા નીચે પંડિતજીએ મોલવીઓ સાથે શાસ્ત્રાર્થ કર્યો. આ શાસ્ત્રાર્થમાં ધર્મવીરે વિરૂદ્ધ પક્ષને મજબુત દલીલો વડે ચુપ કરી દીધો હતો. આ વખતે કોઇને ઉમેદ નહોતી કે પંડિતજી સહી સલામત ત્યાંથી ઘેર આવે.

ધર્મવીરની જીંદગીનો અકેક વૃતાંત પુરવાર કરે છે કે વેદિક ધર્મના પ્રેમમાં તેઓ છેક દિવાના બની રહ્યા હતા; તેમને પોતાના જાનમાલની કશી દરકાર નહોતી. જીવન ટકાવવા તેઓ કદાચ ઇચ્છા રાખતા તો તે માત્ર પોતાની દિલોજાન આર્યસમાજની સેવા કરવા માટેજ; અન્ય કશા માટે નહિ. એક વખત એમ બન્યું કે લુધીઆના આર્યસમાજનો ઉત્સવ ઉજવાતો હતો. ધર્મવીરના વ્યાખ્યાનનો વખત થવા આવ્યો કે તેમના પેટમાં અત્યંત દરદ થવા લાગ્યું ને બચ્ચાંની માફક ડુસકાં મૂકીને તેઓએ રોવા માંડયું. તજવીજ કરતાં જણાયું કે પેટમાં અત્યંત વેદના છે તેથી અગર તો પોતાનું અચાનક મૃત્યુ થાય તો પોતાનાં કુટુંબને વા ઘરબારને મહા નુકશાન થાય તેથી તેઓ શોકસાગરમાં ડુબેલા નથી, પરંતુ માત્ર એકજ મહા ફીકરવડે તેઓ મહાક્ષોભને શરણ થયા છે. આ ફીકર એ હતી કે પોતાના ગુરૂ ઋષિ દયાનંદના જીવન ચરિત્ર માટે ઘણો મસાલો તેમણે એકઠો કરેલો છે, પરંતુ અફસોસ, કે જીવન ચરિત્ર સંપૂર્ણ થયું નથી, જેથી તેઓ ડુસકાં મૂકી રૂદન કરતા હતા. વેદિક ધર્મ માટે આ મહા જોસ તથા અગાધ પ્રેમ પ્રત્યક્ષ

થતાં ધર્માંધમાં ધર્માંધ અન્ય મતાવલંબી પણ ધર્મવીરની સ્તુતિ કર્યા વગર રેહેશે નહિ.

કેટલાકો વિચારપૂર્વક વા વગર વિચારે આર્ય મુસાફર લેખરામજીપર એવો આરોપ ઢોળે છે કે અન્ય મતપંથોપ્રત્યે અતી ઘણી સખ્તાઇથી તેઓ કામ લેતા હતા. પરંતુ સત્ય પૂછો તો એ આરોપ સર્વથા નિર્મૂળ ને બીન પાયાદાર છે. પંડિતજી કૃત પુસ્તકોનું અવલોકન નિષ્પક્ષપાતપણે કરવાથી જણાય છે કે લગભગ તમામ પુસ્તકો તેમણે વૈદિક ધર્મના બચાવ અર્થે લખેલાં છે. જે પુસ્તકોપર સખ્તાઇનું દોષારોપણ કરવામાં આવે છે તે કોઇનાં દિલ દુઃખવવા લખેલ નથી. પરધર્મી પુસ્તકોના જવાબમાં પંડિતજીએ જે જે ગ્રંથો લખેલા છે તેનું નિરીક્ષણ કરશું તો માલમ પડશે કે તમામ ગ્રંથોમાં અત્યંત નરમાશથી કામ લેવામાં આવેલ છે. દરેક ગ્રંથની પ્રસ્તાવના તથા ઉપસંહાર વાંચવાથી માલમ થાય છે કે ધર્મવીરના હૃદયમાં અન્ય મતાવલંબીઓ પ્રત્યે પ્રેમનો ઝરો જોસથી વહ્યાં કરતો હતો. ધર્મવીરે તમામ ઉમર ભૂલાવામાં પડેલ ને અવળે માર્ગે દોરાયેલ દેશી ભાઇઓ પ્રત્યે અનિવાર્ય પ્રેમ દરશાવેલ છે. તો તેનાપર ઉપરનો આરોપ છેક ખોટો ને પાયા વગરનો છે. તેમના ગ્રંથો જેવાકે પતિતોદ્ધારણ તથા ધર્મપ્રચાર વગેરે વર્તમાન પત્રોપરથી સિદ્ધ થાય છે કે પંડિતજીનો ભાવ અન્ય મતાવલંબીઓ પ્રત્યે નમુનેદાર હતો. પંડિતજીનું મીશન શું હતું તે બે શબ્દોમાં કહીએ તો એ હતું કે ભૂલાવામાં પડેલા દેશી ભાઈઓને વૈદિક ધર્મની સુંદરતા બતાવી તેઓને સાચા રસ્તાપર લાવવા. તેના સાંભળવામાં આવતું કે અમુક સ્થળમાં અમુક હિંદુભાઇ મુસ-

લમાન વા ઇસાઇ થાય છે કે તરત તેની રગોમાં લોહી તપી આવતું ને મુસલમાનોનું ભારી પ્રબળ હોય અગર પાદરીઓનો કોટ ભારી મજબૂત હોય છતાં પ્રસ્થાન કરવામાં તેઓ જરાપણ વિલંબ કરતા નહિ. ને મૃત્યુને હથેળીમાં લેઇને ત્યાં જઇ પહોંચતા. જ્યાં સુધી અવળે માર્ગે દોરાયેલ માણસ ઠેકાણે ન આવે ત્યાં સુધી તેને ચેન પડતું નહિ. આવા આર્ય રત્નનો મુકાબલો કરતાં વસ્તુ સ્થિતિ મહાદુઃખદ નજરે પડે છે, હમેશાં વર્તમાન પત્રોદ્વારા ખબર મળે છે કે અમુક સ્થાનમાં હિંદુને મુસલમાન બનાવે છે ને અમુક મકાનમાં પાદરીઓ હિંદુને ઈસામસીના ગાડરીયા પ્રવાહમાં પ્રવેશ કરાવે છે. પરંતુ અમારા કાનના પડદાઓને તથા મગજના તંતુઓને કશી અસર થતી નથી, અમારા આજકાલના ધર્મ પ્રચારક જરાપણ ભયવાળી જગો દેખે છે તો ત્યાંથી મોં છુપાવીને સંતાવાની કોશીષ કરે છે. એવી હાલતમાં વેદિક ધર્મની ઉન્નતિની ઉમેદ રાખવી વ્યર્થ છે. અમો પણ આ જીવન લખવામાં સખ્તાઇથી કામ લેઇએ છીએ એમ અમારા ઉપરના લખાણથી કદાચ કોઈ ભાઇ અમારાપર દોષારોપણ કરશે ને કદાચ પ્રશ્ન કરશે કે આજકાલ શુદ્ધિઓ વગેરે કાર્યો નથી થતાં શું ? અમો કબુલ કરીએ છીએ કે એ તમામ કાર્યો થયાં કરે છે. પરંતુ સ્પીરીટમાં ઘણો તફાવત પડી ગયો છે. મહર્ષિ દયાનંદ ને ધર્મવીર લેખરામ જે ભાવવડે પ્રેરીત થઇને શુદ્ધિઓ કરાવતા હતા તે ભાવ આજકાલ દૂર થઇ ગયો છે. સ્વામી દયાનંદે ને પંડિત લેખરામે સ્વકર્ત્તવ્યોનું પાલન કરતાં મૃત્યુની પણ કદી પરવા કરી નહોતી. આવા પુરૂષોજ માર્ટર (martyr) ની ઉપાધિને યોગ્ય ગણાય.

ધર્મવીરનું સ્વાત્માર્પણ.

ઉપરના લખાણમાં ધર્મવીરના જીવન ચરિત્રનો મોટો ભાગ અમો આપી ચુકયા છીએ, જેના અભ્યાસથી કોઇને શક નહિં રહે કે ધર્મવીર પોતા પાછળ પ્રાણાર્પણ કરનાર બહાદુર નરનું (living martyr)) જીવન દ્રષ્ટાંત છોડતા ગયા છે. આજકાલ માસ્ટરનો ઇલકાબ બહુ ઉતાવળે ઘણાને વગર આત્મ ભોગે મળે છે તો તેવી રીતે વગર ભોગે ખીતાબ મેળવવાને બદલે એક અસલ સ્વાત્માર્પણ કરનાર નરને છાજતું કાર્ય તેઓ કરી ગયા છે. ટુંકમાં ધર્મવીર એક માસ્ટરનો નમુનો હતા. ધર્મવીર કાર્યો ને શબ્દોદ્વારા પોતાના દિલોજાન વેદિક ધર્મને છાજતા વાસ્તવિક પ્રેમ પ્રાણી માત્ર પ્રત્યે ધરાવતા હતા તે સિદ્ધ થાય છે. આજકાલ જગતમાં દેશ, જાતિ વા ધર્મને વાસ્તે પ્રાણ અર્પણ કરવા તે સ્વાત્માર્પણ સમજવામાં આવે છે ને વાસ્તવમાં સ્વાત્માર્પણ છે. પરંતુ તેથી વધારે સ્વાત્માર્પણ કરવા તે સમર્થ છે કે જે પોતાના દેશ, જાતિ ને ધર્મને વાસ્તે જીવે છે. ધર્મ વાસ્તે જાન છોડવો સેહેલ છે પરંતુ માત્ર ધર્મને વાસ્તે જીવવું તે તેથી વધારે મુશ્કેલ છે. ધર્મવીરનું જીવન માત્ર ધર્મ અર્થેજ હતુ, માટેજ તે સજીવન માસ્ટરના ઇલકાબને યોગ્ય છે. તેમની શક્તિઓનો પ્રભાવ તેમની હયાતીમાં આર્યસમાજી પબ્લીકપર હદમાં જણાતો હતો, પરંતુ હવે મહા ભયાનક ચિત્રનું દર્શન કરાવવા એવી હકીકત રજુ કરશું કે જે પરથી પ્રત્યક્ષ થશે કે ધર્મવીર એક અદ્વિતીય સમર્થ પુરૂષ હતા ને તેની કીર્તિનો ઝુંડો ચોતરફ ફરકવાને યોગ્ય હતો. સન ૧૮૯૭ ના

ફેશ્યુઆરીમાં એક મહા દંભી અંતરમેલો ને મોઢે મીઠો તેવો મુસલમાન બગભક્ત બનીને ધર્મવીર પાસે આવ્યો ને વૈદિક ધર્મનાં પવિત્ર ચશ્માવડે અમૃતપાન કરવાની જીજ્ઞાસા જાહેર કરી. તેનો ઉપલો દમામ તથા ધર્મ પ્રત્યેની અભિલાષા જોઇને ધર્મ-વીર મોહીત થઇ ગયા, એટલુંજ નહિ પરંતુ તે વેશધારી ને માત્ર દેખાવમાં રાંક માણુસને પોતા સાથે પોતાના મકાનમાં રાખીને વૈદિક ધર્મનો અભ્યાસ શરૂ કરાવ્યો. તેના ખોરાક તથા પોષાકનો ભાર પણ ધર્મવીરે પોતાને શીર લીધો. આ અંતર-મેલા શખ્સને હમેશાં પંડિતજીની સાથે જોવાથી કેટલાક આર્ય-સમાજીભાઇઓ પંડિતજીને કેહેવા લાગ્યા કે તે માણુસ શકદાર જણાય છે, જેથી તેને મકાનમાં રાખવો વ્યાજબી તથા સહી-સલામતી ભરેલું નથી. ભુલાવામાં ગોથાં ખાતા તથા પતિત લોકોને વાસ્તે અગાધ પ્રેમ પંડિતજીના હૃદયમાં વિદ્યમાન હોવાથી મિત્રોની ચેતવણીની પંડિતજીએ દરકાર કરી નહિ. જેણે ધર્મની તૃષા તથા અભિલાષા જાહેર કરી તેનાપર શકની દૃષ્ટિથી જોવું તે પંડિતજીના સ્વભાવથી વિરૂદ્ધ હતું. તમામનું કહેવું નહિ ગણકારતાં તે શખ્સને પોતાના મકાનમાં રાખીને વૈદિક ધર્મનો બોધ આપવો શરૂ કર્યો ને તે પ્રમાણે બોધ આપતાં એક માસ પણ વીતી ગયો.

સન ૧૮૯૭ ના માર્ચની તા. ૧-૨-૩ એ દિવસો મુલતાન આર્યસમાજના વાર્ષિકોત્સવના દિવસો હતા. પંડિતજી તે ઉત્સ-વપર મુલતાન ગયા, તા. ૪ માર્ચ ઇદનો દિવસ હતો. તે દિવસે પંડિતજી લાહોર પાછા ફર્યા નહિ, જેથી મીરઝાં ગુલામ આમદ કાદયાનીએ વર્તેલું ભવિષ્ય અસત્ય ઠર્યું. પરંતુ વળતે દહાડે પંડિ-

તજી લાહોર પધાર્યા, તો તેમને પેલા મુસલમાની ધર્માભિલા-
ષીનો ચેહેરો શોકથી છવાયેલો નજરે પડયો. તેમ થવાનું કારણ
પૂછતાં તે ડોળઘાલુ બગલા ભક્તે જવાબ આપ્યો કે મને તાવ
આવી જાય છે; જેથી ધર્મવીર તેને લેઇને એક આર્ય ડૉકટર
બીશનદાસની દુકાને ગયા તથા બીમારને દવા આપવા ડાકટરને
અરજ કરી. ડૉકટરે તેની હાલત જોઇને પંડિતજીને કહ્યું કે તેને
બીમારી કશી નથી, પરંતુ તેનું લોહી જોસ મારી રહેલ છે.
છતાં સાધારણ દવા ડૉકટરે આપી. એકાંતમાં પંડિતજીને લેઇજઇ
ડૉકટરે કહ્યું કે બીમાર આદમી બીમારીનો ખોટો ડાળ કરે છે
ને તે ભયંકર આદમી હોય એમ જણાય છે, તો તેનાથી તમારે
સાવચેત રહેવું. પરંતુ લેખરામજીપર ડોકટરના કથનની કશી
અસર થઇ નહિ. ડોકટરની દુકાનપરથી તેઓ બન્ને એક કપડા-
વાળાની દુકાને કાપડ લેવાને માટે ગયા. દુકાનદારે પણ પંડિ-
તજીને તેના ડોળઘાલુ મુસલમાન ધર્માભિલાષી પ્રત્યે શક જાહેર
કર્યો, પરંતુ તેની પણ કશી અસર થઈ નહિ. બજારમાંથી લે-
વાની વસ્તુઓ લેઇને તેઓ બન્ને મકાનપર આવ્યા. હુજ્જત
ઉલ ઇસલામ નામનું પુસ્તક જે પંડિતજી લખતા હતા તે
લખવું શરૂ કર્યું. પેલો બેઇમાન બગભક્ત ભારે મોં રાખીને
લાગ શોધતો પંડિતજી પાસે બેઠો હતો. પંડિતજીને લખતાં
લખતાં સાંજ પડી ને સંધ્યાનો સમય થઇ ગયો. પંડિત-
જીની માતાએ અંદરથી પોતાના કુળ ભુષણ વહાલા પુત્રને
સૂચના કરી કે, પુત્ર, સંધ્યાનો સમય થઇ ગયો છે, માટે હવે
તો લખવું બંધ કરો તો ઠીક. પુજ્ય જનેતાની અમૃત વાણી
શ્રવણ કરીને પંડિતજીએ લખવું બંધ કર્યું ને આળસ મરડતાં

ઉઠીને કબાટમાં પુસ્તકો રાખવા લાગ્યા. આ વખતનો લાભ લેઇને જાલીમ મુસલમાન બદમાસે પંડિતજીના પડખામાં એક તિક્ષણ છુરી હુલાવી દીધી. આ છુરી પ્રથમથીજ તેણે બનુસમાં સંતાડીને રાખી હતી. પંડિતજીના પડખામાં છુરી બરાબર ભોંકાઈ જવાથી લોહીની ધાર ચાલવા લાગી, છતાં ધર્મવીરના મુખમાંથી હાય કે વોય એવો કશો ઉદ્ગાર નીકળ્યો નહિ, ને જાલીમનો હાથ પકડી લીધો. તેના હાથમાંથી છુરી છીનવી લેવાને ધર્મવીરે ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ આંતરડાં કપાઈ જવાથી રક્તની અખંડ ધારા ચાલુ રેહેવાથી શરીર શિથિલ થઇ ગયું. બેશરમ ઘાતકી મુસલમાને ફરીથી છુરીનો એક ઘા માર્યો, જેથી પંડિતજીના મુખમાંથી ચીસ નીકળી પડી. ચીસ સાંભળતાંની સાથે પડખેના ઓરડામાંથી ધર્મવીરની માતા તથા ધર્મપત્ની ત્યાં દોડી આવ્યાં ને જુવે તો ધર્મવીર લોહી લુહાણ થઇ જમીનપર પડેલ છે. માતાએ જાલીમ નીમકહરામને પકડી લીધો પરંતુ તેના હાથપર છુરીનો સખ્ત ફટકો લગાવીને ભીરૂ ખુની પોબાર ગણી ગયો તથા પોતાની જાતિપર વિશ્વાસઘાતનું કલંક હમેશને માટે છોડતો ગયો. લાહોરની પોલીસ ખુનીનો પત્તો આજ સુધી મેળવી શકી નથી. એક મહા શુરવીર ધર્માત્માનું ખુન કરનાર શોધી કાઢવા પોલીસ નીષ્ફળ નીવડે તે પોલીસખાતા માટે ઘણી શરમની વાત ગણાય. છતાં આર્યાવર્ત્તમાં આ ને આવી બીજી બાબતો આજકાલના સાધારણ બનાવો થઇ ગયા છે.

ખુનીના નાશી જવા બાદ માતાએ પ્રિય પુત્ર તરફ બારીક દ્રષ્ટિથી જોયું તો ધર્મવીરનાં તમામ આંતરડાં પેટમાંથી નીકળેલાં બહાર પડેલાં જોયાં. સુજ્ઞ વાંચક, વિચાર કરજે કે પ્રાણથી પ્રિય

કુળદીપક મહા સમર્થ પુત્રની આવી ભયંકર હાલત જોઇને જન્મ આપનાર જનુનીને તેથી શું અસર થઇ નહિ હોય? આ અસરને પરિણામે તે બેહોશ થઇ મુર્છા ખાઇ જમીનપર ઢળી પડી. ધર્મ પત્નિએ પોતાના પતિની આ હાલત જોઇને હૃદય ફાટી જાય તેવા આર્તનાદે રૂદન કરવા માંડયું. આ સમાચાર સમસ્ત શેહેરમાં એક છેડાથી બીજા છેડા સુધી વિજળીની માફક પ્રસરી ગયા. તમામ આર્યભાઇઓ ખબર થતાંની વારે ધર્મવીરને ત્યાં આવી પહોંચ્યા. આર્યરત્નની આખરની ભયંકર હાલત જોઇને તમામની આંખોમાંથી આંસુઓની ધારા ચાલવા લાગી. ચોતર્ફ શોકની છાયા પથરાઇ ગઇ. પરંતુ મહા આશ્ચર્યની વાત એ છે કે ધર્મ-વીરની આવી ગંભીર હાલત છતાં તેના મુખમાંથી હાય કે વોય એવો એક પણ શબ્દ નીકળતો નહોતો. અપૂર્વ હિંમતવડે આંતરડાં-ઓને બે હાથથી દબાવી રાખીને ગાયત્રી મંત્રનો જાપ તેઓ કર્યા કરતા હતા. આખર એવો નિશ્ચય થયો કે ધર્મવીરને હોસ્પી-ટલમાં લેઇ જવા; હોસ્પીટલમાં લાવ્યા બાદ ડૉકટર પેરી તેમનું પેટ શીવવાને હાજર થયો. ધર્મવીરની અત્યંત ગંભીરાવસ્થા જોઇને મી. પેરીનું હૃદય પણ કંપાયમાન થવા લાગ્યું તથા આર્ય નરરત્નની ગઝબની બહાદુરી ને આત્મબળ જોઇને મી. પેરીને પોતાનું શિષ નમાવવાની ફરજ પડી. જખ્મો ઘણા સખ્ત છતાં તે શી રીતે જીવે છે તેમજ મુખમાંથી પરમાત્માની સ્તુતિ બગર મહા વ્યથાનો એક શબ્દ પણ નીકળતો નથી તે જોઇને મી. પેરી આશ્ચર્યમાં ગરકાવ થયો. ડૉકટરે પેટની સીલાઇ કરી પરંતુ લોહી વહેતું બંધ થયું નહિ. હાલત વધારે ને વધારે ક્ષણે ક્ષણે બગડતી ચાલી. આમ છતાં છેવટ સુધી તેના મુખ-

માંથી ગાયત્રી મંત્ર સિવાય અન્ય કશો ઉદ્ગાર નીકળતો નહોતો. આમ કરતે કરતે રાતના બારનો સમય થયો. હોસ્પીટલમાં વયોવૃદ્ધ માતા પ્રિય પુત્ર તરફ પ્રેમભરી દૃષ્ટિવડે તાકીને જોઇ રહ્યા છે, ત્યારે બીજી બાજુ આર્ય મુસાફર લેખરામજી આજે એવી મુસાફરીની તૈયારીઓ કરી રહેલ છે કે જે મુસાફરીમાંથી આજ તક કોઇનું પુનઃ આવાગમન થયું નથી, તેના પ્રત્યે આખરની મુલાકાતની ઇંતેજારીમાં પ્રિય પતિના મુખનું દર્શન કરતી મહા દગ્ધ થયેલા હૃદયવાળી પતિનું આયુષ્ય લંબાય તે માટે અંતરમાં પ્રભુ પ્રાર્થના કરતી વિશુદ્ધ આર્યા ઉભી છે. ત્રીજી તર્ફ તમામ આર્યભાઇઓની આંખોમાંથી અશ્રુઓની ધારા વહ્યાં કરતી હતી ને તેઓ ધર્મવીર પ્રત્યે તાકીને જોઇ રહ્યા છે. આ દેખાવ કેવો છાતીફાટ હશે? આવા દેખાવ નજરે જુવે તેમનું હૃદય કાબુમાં રહે, તે છેક અસંભવિત છે. પરંતુ વાહરે, વૈદિક ધર્મના નમુનેદાર ભક્ત, જ્યારે તમામ મંડળ તેના હમેશના વિયોગના ખ્યાલથી હૃદય ફાટ આક્રંદ કરી રહેલ છે, છતાં ધર્મવીરના મુખમાંથી ગાયત્રી મંત્ર સિવાય કશો ઉચ્ચાર થતો નહોતો. હવે આખરનો વખત આવી પહોંચ્યો, જેથી તમામ આર્યભાઇઓએ તેમની પાસેથી છેવટની આજ્ઞાઓ માંગી. ધર્મવીરના પવિત્ર મુખમાંથી શા ઉદ્ગાર નીકળે છે તે સાંભળવાને તમામનાં મન તલપાપડ થઇ રહ્યાં, કારણ તેમનામાં આત્મિક બળ, ધર્મભાવ ને દૃઢતા કેટલે સુધી પ્રધાનપદ આવે સમયે પણ ભોગવે છે, તેની કસોટીનો આ ખરેખરો પ્રસંગ હતો. ધર્મવીર પોતાની બુઢ્ઢી માતા તથા ધર્મપત્નીને કોને હવાલે કરે છે તે જાણવાને તમામ ઉત્સુક હતા. તમામ મિત્રો ધર્મવીરની ભલામણ શ્રવણ

કરવાને ઉત્સુક બની રહ્યા હતા. પરંતુ વૈદિક ધર્મના ખરા ભક્ત ધર્મવીરે આખરનું વસીયતનામું જે કાંઇ જાહેર કર્યું તે માત્ર પોતાની પ્રાણથી પ્રિય ને જેને માટે પોતાનું જીવન હતું તે માત્ર આર્યસમાજ માટેનું હતું. જે આર્યસમાજ માટે તેણે આખી જીંદગીસુધી દીવાનાની માફક કામ કરેલું, તેજ વસ્તુ તેના હૃદયમાં તમામથી હમેશને માટે જુદાં થવાના વખતે રમી રહી હતી. આનું નામ " मरणेयामतिसागति " ધર્મવીરે ભલામણ કરી કે "આર્યસમાજનું કામ જોસભેર આગળ વધવું જોઇએ. આર્યસમાજમાં લીટરેચરની ખામી છે તો તેવાં લખાણો પુસ્તકો ને વર્તમાનપત્રો દ્વારા શરૂ રહેવાં જોઇએ. વૈદિક ધર્મનો વાવટો ચોમેર ફરકવો જોઇએ." ધન્ય છે આર્ય પુત્ર તમને; અત્યારના ગણાતા આત્મત્યાગી આર્ય પુરૂષોમાં સૌથી શ્રેષ્ટ રત્ન કોઇ હોય તો તે તમોજ છો. આખર ધર્મવીરનો મહાન આત્મા સ્થુળ દેહનો ત્યાગ કરી જે રસ્તે જવું જોઇએ તે રસ્તે પલાયમાન થઇ ગયો. જેણે વેદ ધર્મ માટે શીર સાટે મહાન જોખમો ને સંકટો સહન કરેલ તેણે સ્વર્ગને માર્ગે કુચ શરૂ કરી. આ સ્થિતિ સર્વને માટે નીરમાણ છે, છતાં ધર્મવીરના જેવું મહા ઉત્તમ જીવન ગાળવાની તીવ્ર ઉત્કંઠા કાં થતી નથી? આત્મ પરીક્ષા કરી મનુષ્ય જીવન સફળ કરવાની પ્રેરણા થાય તો આ જીવન લખવાનો હેતુ સફળ થયો ગણીશું.

ધર્મવીરની યાદગાર.

ધર્મવીર લેખરામ નમુનેદાર સ્વાત્માર્પણ કરનાર હતા તેમાં કશો સવાલ રહેતો નથી. તેમણે પોતાના રક્તથી આર્યસમા-

જનો પાયો દૃઢ કરેલો છે. પરંતુ સવાલ એ ખડો થાય છે કે તેમની યાદગાર કેવી રીતે કાયમ કરવી ? આવા મહાન પુરૂષોની યાદગાર તેમની સંવત્સરી વરસમાં એક વખત ઉજવી ભાષણો કરવાથી અગર તેમના જીવનપર જરા વિચાર કરવાથી કાયમ થતી નથી. દરેકે દરેકની ફરજ છે કે આવા નરરત્નોની યાદગાર કાયમ રાખવા અંખડ પ્રયત્નો કરવા જોઇએ. આવા પુરૂષાર્થમાં સફળતા પ્રાપ્ત કરવા માટે મહા પુરૂષોનાં જીવન ઉંડી દૃષ્ટિથી જોવાં જોઈએ ને તેમના મહાન જીવનનું અનુકરણ બને ત્યાં સુધી કરવા યાહોમ કરવું જોઇએ. આ કસોટીપર ચડવાને હજુ કોઇ મેદાનમાં દૃષ્ટિએ પડતું નથી, અફસોસ ! ! ધર્મવીરની યાદગાર કાયમ શી રીતે રહી શકશે ? છતાં હજુ પણ બહુ મોડું થયું નથી, વખત પુષ્કળ છે. આર્યસમાજનું ખરૂં ગૌરવ ધરાવનાર, આર્યનું ખરૂં રક્ત જેની નસોમાં વેહેતું હોય, તેણે રણભૂમિમાં યાહોમ કરવું જોઇએ ને ધર્મવીરની યાદગાર નૃહિ રાખવા બદલ આર્યસમાજપર ચોંટેલા કૃતઘ્નતાના દોષને ધોઇ નાંખવો જોઈએ. જેવી રીતે ધર્મવીરે મૃત્યુ પર્યંત સમાજનું કામ નેક નિષ્ટાથી અખંડપણે નિડરતાવડે ચલાવ્યું હતું, તે મીશન હાથ ધરી જો કોઇ પોતાના સર્વસ્વનું બળીદાન કરે તોજ ઉક્ત કલંક દૂર થઇ શકશે. ધર્મવીરે પોતાના પ્રાણાર્પણથી જે નવીન ચેતન પ્રાપ્ત કરાવેલ છે તેને લીધે દરેક વેદિક ધર્મના અનુયાયીઓએ તેમનું નામ મહા પ્રેમથી ઉઠતાં બેસતાં હરતાં ફરતાં લેવું જોઇએ ને લેવાય છે, જેથી આજે તેમની યાદગાર કાયમ રાખવાનો સવાલ આપણા મગજને ઘુમાવે છે. ધર્મવીરમાં શક્તિઓ, ધાર્મિક પ્રેમ વગેરે અપૂર્વ હતાં, તેવી તાકાતો, વિશ્વ પ્રેમ, ધર્મભાવ મોજુદ હોય એવા

આત્મ ત્યાગી મહા પુરૂષો ત્યારે નહિ હોય એમ અમારૂં કહેવું નથી. પરંતુ આર્યસમાજ માટે ખાસ પ્રેમ જે ધર્મવીરમાં હતો તે અન્યમાં ભાગ્યેજ હોઇ શકે. તેની રગેરગમાં આર્યસમાજ માટે ઉંડો ભાવ વાસ કરી રહ્યો હતો. તેમનાં દરેક કામ ને દરેક શબ્દ ઉપલી હકીકત સંપૂર્ણ રીતે સિદ્ધ કરે છે. ઉઠતાં બેસતાં ચાલતાં ફરતાં ધર્મવીરને કોઇની ફીકર હતી તો તે માત્ર આર્યસમાજની, આર્યસમાજ તેનુ જીવન, આર્યસમાજ તેનાં પ્રાણ, આર્યસમાજ તેની ચેતન શક્તિ હતાં. વૈદિક ધર્મના ખરા પુત્રને અવનત મસ્તકે પ્રણામ—

પ્રિય સુજ્ઞ વાંચક, ધર્મવીરનું જીવન ચરિત્ર અત્રે સમાપ્ત થાય છે. દરેકે દરેક તવંગર ને ગરીબ, જ્ઞાની તથા અજ્ઞાની તેની યાદગીર કાયમ રાખી ઋષિઋણમાંથી મુક્ત થઇ શકે તેમ છે ને તે એ છે કે તેના જીવનનું અનુકરણ કાર્યદ્વારા બને તેટલે સુધી કરવું જોઇએ. ધર્મવીરે તમામ સર્વસ્વનું સ્વાત્માર્પણ-કરી જગત સમક્ષ એવું દૃષ્ટાંત રજુ કર્યું છે કે મનુષ્ય દેહધારી આત્મા થોડે ઝાઝે અંશે સ્વાત્માર્પણ કરી મનુષ્ય જન્મ સફળ કરી શકે તેમ છે. આર્ય મુસાફરના વિયોગી દુઃખને ભોગ થવા આપણને જરૂર નથી, કારણ તેના મહાન જીવનની નેહેરમાં દૃઢ ઇચ્છા હોય તો આપણે અહર્નિશ પ્રવાસ કરી શકીએ તેમ છે. પરમાત્મા, સંપૂર્ણ શ્રદ્ધા, અનન્ય ભક્તિભાવ અમારા આર્ય ભાઇઓમાં ઉત્પન્ન કરો.

ओ३म् शान्ति शान्ति शान्तिः।

॥ સમાપ્ત. ॥